# વિધાનસભા ચૂંટણી ટિકિટ માટે કોંગ્રેસમાં ધમાધમ શરૂ

## વિધાનસભાની તૈયારીઓ શરૂ કરવામાં આવી : કેટલાક આગેવાનોએ ટિકિટ માટે લોબીંગ શરૂ કર્યું : ગત વખતના હારેલા ઉમેદવારો પણ મેદાનમાં પડ્યાનાં હેવાલ

અમદાવાદ, તા.૧૫

ગુજરાતના વિધાનસભાની ચૂંટણીની હવે પાંચ મહિના જેટલો સમય બાકી રહ્યો છે ત્યારે કોંગ્રેસમાં ટિકિટ મેળવવા માટે આગેવાનો અને કાર્યકરોએ લોબીંગ શરૂ કરી દીધું છે. પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે હવે કાર્યકરો અને આગેવાનોની ભીડ જોવા મળી છે. ક્યારે નહીં દેખાયેલા કેટલાક આગેવાનો પણ કોંગ્રેસ કાર્યાલયના પગથિયા ચડતા થઇ ગયા છે. અને પોતાના જુથના અગ્રણીઓની મદદથી ટિકિટનું પાકું કરી લેવાના પ્રયાસો આરંભી દીધા છે.

સૂત્રોના કહેવા મુજબ થઇ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ઉમેદવારોને ઉભા રાખવામાં ભૂલ કરતાં જ પરાજયનો સામનો કરવાની ફરજ પડી હતી. જે ઉમેદવારોને પોતાના ઘરના મત મળી શકે તેમ નહોતા એવા ઉમેદવારોને લાગવગના ધોરણે પસંદ કરીને કોંગ્રેસ સામેથી જ પરાજયને વ્હોરી લીધો હતો. એવું આજે પણ કોંગ્રેસના કાર્યકરો કહી રહ્યા છે. કેટલાક કોંગ્રેસના કાર્યકરોએ એવી લાગણી વ્યક્ત કરી છે કે જિલ્લા અને તાલુકાની નેતાગીરીને વિશ્વાસ માં લઇને તેમના અભિપ્રાયો ધ્યાને રાખીને જ કોંગ્રેસે જે તે વિસ્તારમાં ટિકિટની ફાળવણી કરવી જોઇએ.

### કોણે ક્યાંથી ટિકિટ માંગી

| | |
|---|---|
| દહેગામ | : શંકરસિંહ વાઘેલા |
| ભાવનગર-ઘોઘા | : શક્તિસિંહ ગોહિલ |
| પોરબંદર | : અર્જુન મોઢવાડિયા |
| ડભોઇ | : સિદ્ધાર્થ પટેલ |
| ગાંધીનગર-દક્ષિણ | : નરહરિ અમીન - હિમાંશુ પટેલ |
| ગાંધીનગર-ઉત્તર | : નિશિથ વ્યાસ-મહેન્દ્રસિંહ વાઘેલા |
| સાબરમતિ | : રાણીપના પટેલ અગ્રણી |
| નારણપુરા | : નારણભાઇ પટેલ - નીતિન શાહ |
| વેજલપુર | : જે.બી. પટેલ, રાજુ મોમીન અને મંગળસિંહ સોલંકી |
| ચોટીલા | : બીજે ગઢવી (નિવૃત્ત પોલીસ અધિકારી) |
| બાપુનગર | : હિંમતસિંહ પટેલ, ધીરૂભાઇ દુધવાળા |
| જમાલપુર | : સાબીર કાબલીવાળા, બદરૂદ્દીન શેખ |
| દરિયાપુર (કાળુપુર) | : ફારૂક શેખ, ઈકબાલ શેખ, હસનલાલા |
| મહેસાણા | : નટવરલાલ પિતામ્બરદાસ પટેલ |
| ખેરાળુ | : જયરાજસિંહ પરમાર, રમીલાબેન દેસાઇ |
| વિસનગર | : કિરીટ પટેલ |
| બેચરાજી | : સાગર રાયકા |
| જોટાણા | : ઈશ્વર મકવાણા |
| વઢવાણ | : હિમાંશુ વ્યાસ, અરવિંદ સંઘવી |
| રાધનપુર | : રઘુભાઇ દેસાઇ |
| દાણીલીંમડા | : શૈલેષ પરમાર, ગુણવંત મકવાણા, ગિરીશ પરમાર, જયંતિલાલ પરમાર |

સૂત્રોએ ઉમેર્યું હતું કે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ ટિકિટ મેળવવા માટે લોબીંગ કરી રહ્યા છે જેમાં બાપુનગરની બેઠક માટે હિંમતસિંહ પટેલ, ધીરૂભાઇ દુધવાળા અને તોફીકખાન પઠાણ, તથા જમાલપુર-ખાડિયાની બેઠક માટે બદરૂદ્દીન શેખ, ગ્યાસુદ્દીન શેખ અને સાબીર કાબલીવાળાનો સમાવેશ થાય છે. કહેવાય છે કે સાબીર કાબલીવાળાએ તો ખાડિયામાં કાર્યલય ખોલીને ચૂંટણી પ્રચારનો આરંભ પણ કરી દીધો છે, અમદાવાદની દરિયાપુર (કાળુપુર) બેઠક માટે ફારૂક શેખ, એડવોકેટ ઇકબાલ શેખ, હસનવાલા અને નાઝનીન બાસ્તાવાળા ટિકિટ મેળવવા પ્રયાસો શરૂ કર્યા છે.

આ ઉપરાંત મહેસાણાની બેઠક પરથ ઈદ્રકોના ચેરમેન નટવરલાલ પિતામ્બરદાસ પટેલ, ખેરાબુની બેઠક પરથી જયરાજસિંહપરમાર અને રમીલાબેન પટેલ, વિસનગરની બેઠક પરથી કિરીટ પટેલ વિજાપુરની બેઠક પરથી નરેશ રાવલ, બેચરાજીની બેઠક પરથી સાગર રાયકા, જોટાણાની બેઠકા પરથી ઈશ્વર મકવાણા, વઢવાણની બેઠક પરથી હિમાંશુ વ્યાસ, રાધનપુરની બેઠક પરથી રઘુભાઇ દેસાઇ, ગાંધીનગર ઉત્તરની બેઠક પરથી નિશિથ વ્યાસ અને મહેન્દ્રસિંહ વાઘેલા ગાંધીનગર દક્ષિણની બેઠક પરથી નરહરિ

અમીન તથા દાણીલીમડાની બેઠક પરથી શૈલેષ પરમાર ગુણવંત મકવાણા, ગિરીશ પરમાર અને જયંતિલાલ પરમારે પણ ટિકિટ મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

સૂત્રોએવધુમાં કહ્યુંહતું કે દહેગામની બેઠક પરથી શંકરસિંહ વાઘેલા, ભાવનગરની ઘોઘાની બેઠક પર શક્તિસિંહ ગોહિલ, પોરબંદરની બેઠક પરથી અર્જુન મોઢવાડિયા અને ડભોઈની બેઠક પરથી સિદ્ધાર્થ પટેલ ચૂંટણી લડશે એ નક્કી છે.

આ ઉપરાંત અમદાવાદના સાબરમતીની બેઠક રાણીપના પટેલ અગ્રણીને ઊભા રાખવાનું નક્કી છે. નારણપુરાની બેઠક માટે નારાયણભાઇ પટેલ અને નીતિન શાહે તથા વેજલપુરની બેઠક માટે જેબી પટેલ રાજુ મોમીન અને સેવાદળના મંગળસિંહ સોલંકી ધંધુકાની બેઠક માટે નિવૃત્ત પોલીસ અધિકારી એનએન શાહ, ચોટીલાની બેઠક માટે નિવૃત્ત પોલીસ અધિકારી બીજે ગઢવી તથા ધોળકાની બેઠક માટે ઘનશ્યામ ઠક્કરે ટિકિટ માંગી છે. ચૂંટણીની હજુ વાર છે ત્યારે કોંગ્રેસમાં ટિકિટ મેળવવા માટેની ધમાધમી શરૂ થઇ ગઇ છે.

# ગુજરાતની દીકરી સુનિતા ગગનમાં

## મૂળ ગુજરાતની વતની સુનિતા વિલિયમ્સ અન્ય બે અંતરિક્ષ યાત્રીઓ સાથે ચાર મહિનાની અંતરિક્ષ સફરે ઉડી



ભારતીય મૂળની અમેરિકી અંતરિક્ષ યાત્રી સુનિતા વિલિયમ્સ રવિવારે આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન માટે રવાના થયા હતાં. સુનિતા વિલિયમ્સનાં સીધા સંબંધો ગુજરાત સાથે રહેલાં છે. સુનિતા વિલિયમ્સ રવાના થયા ત્યારે તેમનાં ધરણીધર દેરાસર પાસે રહેતાં સગા-સંબંધીઓએ ઉજવણી કરી હતી.

ગાંધીનગર, તા. ૧૫

મૂળ ગુજરાતની વતની સુનિતા વિલિયમ્સ આજે પોતાના અન્ય બે સાથીઓ સાથે અંતરિક્ષની સફરે ઉપડી ગઈ છે. તેના વતન ઝુલાસણમાં અખંડ રામધૂન અને મોસાળ નારદીપુરમાં લઘુરૂદ્રનું આયોજન કરી તેની સફરની સફળતા માટે પ્રાર્થનાઓ કરવામાં આવી રહી છે.

ભારતીય અમેરિકી અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ તેની બીજી અવકાશયાત્રા કરી રહ્યા છે. આજે સવારે ૮.૩૦ કલાકે કઝાકિસ્તાનના બૈકિનૂર કોસ્મો ડ્રોમમાંથી સુનિતા વિલિયમ્સે તેમના અન્ય બે સાથીઓ જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સીના અકિહિકો હોશિદે અને રશિયન ફેડરલ સ્પેસ એજન્સીના યૂરી મલેન્શેન્કો સાથે અંતરિક્ષની સફર માટે ટેકઓફ કર્યુ હતુ. આ ત્રણેય ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના પ્રવાસ માટેના ૩૨ ક્રુ સાથે જોડાશે અને ત્યાંથી તેઓનું સોયુઝ ટીએમએ-૦૫ એમ સ્પેસ ક્રાફ્ટ મંગળવારે જટિલ ભ્રમણ કક્ષા માટે પ્રવાસ શરૂ કરશે. સુનિતા વિલિયમ્સ બીજીવાર અંતરિક્ષના પ્રવાસે જઈ રહ્યા છે. તેઓ ૪ મહિના સુધી અવકાશમાં રહી વિવિધ સંશોધનો કરશે.

આકાશી પરી તરીકે ઓળખાતા સુનિતા વિલિયમ્સનું વતન કડી નજીકનું ઝુલાસણ ગામ છે. ગામની દિકરી અંતરિક્ષની સફરે જઈ રહી હોવાથી તેની ક્ષેમકુશળ માટે અખંડ રામધુનનું આયોજન કરવામાં આવ્યું છે. ગામમાં દિવાળી જેવો માહોલ છે. ગામમાં શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. તે પછી અખંડ રામધુનનો પ્રારંભ મહિલા મંડળે કર્યો છે. સુનિતા વિલિયમ્સનું મોસાળ ગાંધીનગર પાસેનું નારદીપુર ગામ છે. અહીં લઘુરૂદ્રનું આયોજન કરી તેની સફળતા માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નિમણૂંકો

અમદાવાદ, તા.૧૫

બાર કાઊન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન દિલીપ કે. પટેલ તથા વાઈસ-ચેરમેન દિપેન કે દવે એક સંયુક્ત અખબારીયાદીમાં જણાવે છે કે યોજાયેલી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ચુંટાયેલા સભ્યોની આજે મળેલી મીટીંગમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત પ્રતિનિધિ તરીકે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં રમેશચંદ્ર જી શાહ સુરતનાની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની વેલ્ફેર કમિટીના સભ્યો તરીકે બહાદુરસિંહ એસ જાડેજા અને ભરત વી ભગતનાની તેમજ ગુજરાત લો હેરાલ્ડ કમિટીના ચેરમેન તરીકે મહેસાણાના કિશોર આર. ત્રિવેદી તથા સભ્યો તરીકે અનિલ સી કેલ્લા, વિજય એચ પટેલ, બકુલેશ ડી પંડ્યા, અનિરૂદ્ધસિંહ એચ ઝાલા, ભરત વી ભગત, નલીન ડી પટેલ, હીરાભાઈ એસ પટેલ, યશવંત એલ બચાણી તથા મનોજ એમ અનડકટનાઓની નિમણુંક કરવામાં આવેલ છે તેમ એક અખબારીયાદીમાં જણાવે છે.

# સમાચાર ઝલક

- ભારત ક્રિકેટક્ષેત્રે ગ્રેડીંગમાં પાંચમા સ્થાને ઠેલાયું.
- સુનીતા વિલિયમ્સ અંતરિક્ષ યાત્રા પર કમાંડર બની નવો ઇતિહાસ સર્જેશે,જયાં સુધી અંતરિક્ષ યાત્રામાંથી પરત ન આવે ત્યાં સુધી ઝૂલાસણ ગામે અખંડધૂન ચાલશે, દિવસે મહિલા અને રાત્રે પુરૂષો ધૂનની રમઝટ બોલાવશે.
- અમરનાથના રસ્તામાં રામવન પાસે બસે પલટી ખાતા ૧૭ શ્રદ્ધાળુઓ રામશરણ થયા.
- ઓછા વરસાદથી રાજકોટમાં એકાંતરે પાણીની વિતરણ થશે.
- ભારતમાં પાકિસ્તાન ટીવી ચેનલોનું પ્રસારણ થવાની સંભાવના.
- મુંબઇમાં બાર દુકાનો પર છાપામારો ચાલું, કેટલીક યુવતીઓ ઝડપાઇ.
- કલોક તાલુકાના વાસજડામાં સ્પેશિયલ સ્કોવર્ડ સાથે ડી.વાય.એસ.પી.એ જુગારના અફ્ડા પર છાપો માર્યો. ૧૪ જુગારીઓની ધરપકડ.
- જૂનાગઢ એચ.આઇ.વી. કાંડની પ્રાથમિક તપાસનાં પુરાવા સી.બી.આઇ. એકત્ર કરી ગાંધીનગર પરત ફરી.
- કાનપુરમાં છોકરીને અડધો કલાક પટ્ટાથી માર માર્યો, પોલીસ નિષ્ક્રીયતાથી લોકોમાં રોષ.
- બિહારની ગરીબાઇ ! બિહારમાં ૬૨ રૂપિયામાં બાળકનો વેચવામાં આવ્યું, ગરીબની કેવી મજબૂરી.
- ચીન-જાપાનમાં ભારે વરસાદથી ભયંકર તબાહી, ૪ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત બન્યા.
- આજથી ગુજરાતમાં વડોદરાથી અણ્ણાની સંદેશ યાત્રાનો પ્રારંભ.
- સોમવારે ફુગાવાનો આંક જાહેર થતાં જ શેરબજારની ચાલ પરખાશે.

### આજે આંદોલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડૉ. સી.જે. ચાવડા, શ્રી દિલીપભાઈ પટેલ, શ્રી અજીતસિંહ રાઠોડ, શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ગાભુજી ઠાકોર, શ્રીમતિ હીનાબેન પટેલ, પ્રેમબા હાડા, શ્રી વિજયસિંહ ચાવડા સહિતના આગેવાનો તેમજ કાઉન્સીલરો અને જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો ઉપસ્થિત રહેશે.

આ આગેવાનોએ જણાવ્યું છે કે ગાંધીનગર મહાનગરપાલિકાની રચનાને અઢી વર્ષનો સમયગાળો થઈ ગયો હોવા છતાંય હજુ સુધી સરકાર દ્વારા સત્તાઓ સોંપવામાં આવી નથી જે ગાંધીનગરની જનતાને તેવી સ્વાયત્ત સ્થાનિક સ્વરાજયની સંસ્થા સંચાલનના હક્ક પર તરાપ છે. તેમણે જણાવ્યું કે સભા સંચાલનના નિયમોને પણ હજુ સુધી સરકારે મંજૂરી આપી નથી એ જ બતાવે છે કે સરકાર ગાંધીનગરને કેટલો અન્યાય કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે સ્ટાફ પેટર્નની મંજૂરી પણ એક વર્ષ બાદ આપવામાં આવી છે. કોર્પોરેશનને બેસવા માટે જગ્યા ફાળવણીની વાત અંગે વારંવાર રજુઆતો છતાં પણ જગ્યા ફાળવવામાં આવતી નથી એટલું જ નહિ કોર્પોરેશનને પોતાનું બિલ્ડીંગ બનાવવા જગ્યા ફાળવે તો કોર્પોરેશન પોતાની રીતે વ્યવસ્થા ઉભી કરશે.

શ્રી મુકેશ પટેલ અને શ્રી વિઝુંડાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા જે બંધારણીય જગ્યાઓ ભરવી જોઈએ તે પણ ભરવામાં આવી નથી. પાણી અને ગટરની વ્યવસ્થાનું સંચાલન સંભાળવાની અમે તૈયારી બતાવી પણ એ સાથે અન્ય વિભાગો સોંપવાની વાત સ્ટાફ સાથેની કરી હતી તેનો પ્રત્યુત્તર પણ સરકાર આપતી નથી. સરકાર આ મુદ્દે રાજકીય કિન્નાખોરી દાખવી રહી હોવાનો આક્ષેપ પણ આ આગેવાનોએ કર્યો છે.

શ્રી પટેલે જણાવ્યું છે કે આ મુદ્દે સરકાર રચનાત્મક અભિગમ દાખવે અમે પણ શહેરને સ્વચ્છ, સ્વસ્થ અને રમણીય બનાવવા આતુર છીએ. સરકાર સત્તાઓ સોંપતી નથી તેમજ વહીવટીતંત્રમાં પણ યોગ્ય સંકલન ઉભુ કરવા દેવાતું નથી જેથી પ્રજાને હેરાનગતિ પડી રહી છે અને એટલે જ અમે ધરણાં અને દેખાવો યોજી આ મુદ્દે લડત આપવાનો નિર્ણય કર્યો છે. અમે કાનૂની લડત પણ અલગથી લડવા આગળ વધી ચુકયા છીએ અમે આ મુદ્દે લોકમત જગાવી અને લોકોને સાચી હકીકતોથી વાકેફ કરીશું.

### સંજોગો ઉજળા છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદ જો કે ખંડીય હોવા છતાં ગીરનારી પવનનું જોર હોવા છતાં ઉત્તર ગુજરાતના ભાગો તેમજ મધ્ય ગુજરાતના ભાગો, ગાંધીનગર, મહેસાણા, ખાબરીયા શીયા વિસ્તાર, ચૂંવાળ, વઢીયારના ભાગો તેમજ સિદ્ધપુરના ભાગો, બનાસકાંઠાના ભાગોમાં પણ વરસાદી ઝાપટાં કે હળવો ભારે વરસાદ થઈ શકે. કોઈ કોઈ ભાગોમાં ૧ થી ૫ ઈંચ જેટલા વરસાદની ધારણા રહે. બંગાળના ઉપસાગરનું વહન જો આવે અને પવન ઈસાની વીજળી થાય અને પવન બદલાતાં ભારે વરસાદ થવાની ધારણા પણ રહે. આથી ભારે વરસાદ અંગે ઈશાની પવન તેમજ વીજળીયુક્ત ભારે ફરક્કાવાળો મેઘ હશે તો ઉત્તર ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં સારો વરસાદ થઈ શકે.

### છાંટા જ પડ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન બેસતા હજુ ખુબ ગરમી લાગે છે. વરસાદની ઠંડક અનુભવાતી જ નથી. છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ સાવ અલ્પ માત્રામાં હોઈ તાપમાનમાં વધારો થયો છે. મહત્તમ તાપમાન ૩૪ ડિ.સે. પહોંચી ગયું છે. જયારે લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. નોંધાયું છે. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૮ ટકા અને સાંજે ૬૮ ટકા જેટલું નોંધાયું હતું. વાતાવરણમાં ભેજ વધુ હોવાથી બફારો ખુબ થાય છે અને વસાહતીઓ પરસેવે રેબઝેબ થાય છે. પરસેવે નહાતા વસાહતીઓ ધોધમાર વરસાદ માટે પ્રાર્થના કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર-કચ્છને નર્મદા યોજના દ્વારા હાલમાં રોજનું ૮૨.૫૦ કરોડ લિટર પાણી પુરૂ પડાય છે

## વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજ, રાજકોટ ખાતે 'જળ સમસ્યાના નિવારણ માટે ચાલો કસીએ આપણી જાતને' વિષય પર એક દિવસીય કાર્યશિબિર યોજાઈ

રાજકોટ, તા. ૧૫

રાજકોટ સ્થિત વી.વી.પી. ટ્રસ્ટે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના સહયોગમાં આજે 'જળ સમસ્યાના નિવારણ માટે ચાલો કસીએ આપણી જાતને' એ વિષય પર એક દિવસીય કાર્યશિબિરનું આયોજન કર્યું હતું. વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજના રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી કલાભવન ખાતે યોજાયેલી આ કાર્યશિબિરમાં ઉપસ્થિત રહેલા નામાંકિત વક્તાઓએ આધુનિક યુગમાં તમામ ક્ષેત્રે તથા જનજીવન માટે પાણીની વધતી માંગ અને ઘટતી ઉપલબ્ધિને ધ્યાનમાં રાખી તેના કરકસરયુક્ત ઉપયોગ પર ભાર મુક્યો હતો.

આ કાર્યશિબિરમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના વહીવટી સંચાલક (આઈએએસ) શ્રી એસ. જગદીશન, ઈસરો, અમદાવાદના વૈજ્ઞાનિક શ્રી પી. એસ. ઠક્કર, વર્લ્ડ વિંડ એનર્જી એસોસિએશનના પૂર્વ પ્રમુખ શ્રી અનિલ કાણે અને નિગમના મુખ્ય ઈજનેર (ગુણવત્તા નિયમન) ડૉ. એમ. બી. જોશી ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યશિબિરના વિષયને અનુલક્ષીને આ સૌ મહાનુભાવોએ રસપ્રદ વક્તવ્ય આપ્યું હતું.

કાર્યશિબિરના મુખ્ય વક્તા તરીકે 'નર્મદા-ગુજરાતની જીવાદોરી' વિષય પર સંબોધન આપતા શ્રી જગદીશને જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર તથા કચ્છ અને ખાસ કરીને રાજકોટની પ્રજા જીવનમાં પાણીનું મૂલ્ય શું છે તે કદાચ સૌથી સારી રીતે સમજે છે. હાલમાં નર્મદા યોજના અંતર્ગત માળીયા તથા વલ્લભીપુર શાખા નહેર દ્વારા સૌરાષ્ટ્ર તથા કચ્છના વિસ્તાર માટે રોજનું કુલ ૮૨.૫૦ કરોડ લિટર પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે, ત્યારે આ પાણીનો શક્ય એટલો કરકસરયુક્ત ઉપયોગ કરવો એ આપણા સૌની નૈતિક જવાબદારી બની જાય છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, નિરર્થક જળરાશિમાંથી વર્ષે ૧૧.૭અબજ ઘન મિટર પાણીને પ્રજાના ઉપયોગ અર્થે ઉપલબ્ધ બનાવવા માટેની નર્મદા યોજના અમલીકરણના અગ્રીમ તબક્કામાં છે ત્યારે સૌરાષ્ટ્રના ખેડૂતોએ ડ્રિપ ઈરિગેશન જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને મબલખ પાકનું ઉત્પાદન કરી રાજ્યના કૃષિક્ષેત્રના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. આના પગલે હળવદ તાલુકા જેવા કેટલાક તાલુકા તો કપાસનું વિપુલ ઉત્પાદન કરતા કેન્દ્રો તરીકે ઊભરી આવ્યાછે.

# વિકલાંગો પ્રત્યે સદ્ભાવના પૂર્ણ દૃષ્ટિકોણનું નિર્માણ થવું જોઈએ : ડૉ. શ્રીમતી કમલાજી

દાહોદ, તા. ૧૫


રાષ્ટ્રિય અંધજન મંડળ સંચાલિત અને છાપરી દાહોદ સ્થિત શ્રીમતી મોહનબેન ભવાનીલાલ જૈન અંધજન વિદ્યાલયની સ્થાપનાને પચાસ વર્ષ પુરા થતા તા. ૧૩ થી ૧૫ જુલાઈ દરમ્યાન ઉજવાઈ રહેલ સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવણીનો સમાપન સમારોહ આજરોજ ગુજરાત રાજયના રાજયપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાની અધ્યક્ષતામાં યોજાઈ ગયા.

આ પ્રસંગે પ્રેરક ઉદ્બોધન કરતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, વિકલાંગ વ્યક્તિઓને જરૂર છે સહૃદયતાપૂર્વકનો વ્યવહાર, પ્રેમ અને રચનાત્મક દિશાની ત્યારે સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે માનવ જીવનના ઉચ્ચત્તમ મૂલ્યોના વિકાસની સાથે સદ્ભાવના પૂર્ણ દૃષ્ટિકોણનું નિર્માણ થવું જોઈએ. આમ થતા તેમનામાં પડેલી શક્તિઓ સ્વયંભૂ ખીલી ઉઠશે અને વિકલાંગ વ્યક્તિઓને સમાજમાં સ્વમાનથી સ્વાવલંબી બની જીવન જીવવાનું બળ મળશે. તેમણે ભગવાને રાખેલી કમીને આવી સંસ્થાઓ પુરી કરીને વિકલાંગોના જીવનમાં ચમત્કાર સર્જી રહી છે તે સૌના માટે પ્રેરણાદાયી બાબત છે.

આ કલ્યાણકાર્યમાં સમાજથી વિમુખ રહેલા વર્ગને સમાજ સાથે સમાયોજિત કરવાનું અદકેરૂ કામ કર્યાનો સંતોષ પ્રાપ્ત થશે તેમ જણાવી આદિવાસી અને પછાત વિસ્તારમાં વિકલાંગોના ઉત્કર્ષ માટે સતત પ્રવૃત્તિશીલ સંસ્થાના સંચાલકો, દાતાઓ, ટ્રસ્ટીઓ, શુભેચ્છકોને બિરદાવ્યા હતા અને સંસ્થાની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમમાં રાજયપાલશ્રી હસ્તે શ્રી દશરથભાઈ ચૌહાણ અને રણછોડભાઈ પટેલને સ્વ. ડૉ. જગદીશભાઈ કે. પટેલ પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા પારિતોષિક તેમજ શ્રી ઈન્દુભાઈ રાડીયાને સ્વ. ભીખાભાઈ સી. શાહ સ્મૃતિ પારિતોષિક અર્પણ કરવા ઉપરાંત સંસ્થાના પૂર્વ ટ્રસ્ટીઓ, દાતાઓ તેમજ પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન તથા કોહા પ્રોજેક્ટ અંતર્ગત વિકલાંગોને વિવિધ સાધન સહાયનું વિતરણ તેમજ સંસ્થા દ્વારા તૈયાર કરાયેલ સોવેનિયરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

# શબ્દાવલી - ૪૭૮૯



**આડી ચાવી**

૧. આતુરતા, તત્પર હોવું તે (૪)
૪. ક્રિકેટમાં નિર્ણાયકની ભૂમિકા ભજવે તે (૩)
૫. દિલને સ્પર્શી જાય તેવો દેખાવ (૪)
૭. ફેરી કરી વેચનાર માણસ (૪)
૮. તલ્લીન, ધ્યાનસ્થ (૪)
૧૦. અવાજ, શોર (૨)
૧૧. હિચકિચાહટ, ખચકાટ (૪)
૧૨. ખુલ્લા બ્લાઉઝમાં પાછળના ભાગે બંધાતી દોરી (૨)
૧૪. બરડો (૨)
૧૫. એક ફરસાણ (૩)
૧૬. રસોઈની વસ્તુઓ (૩)
૧૮. પહોળા, ખુલ્લા (૩)
૧૯. સ્થિર (૩)
૨૦. આ... પેલુ બન્ને, તથા (૨)

**ઊભી ચાવી**

૧. પક્ષ લેવો તે, ... કરવી (૪)
૨. સમર્થન ના આપી નકારવું (૩)
૩. પગના ઠેકાનું એક માપ (૨)
૪. એક પ્રકારના સુંવાળા તાંતણા જેનું કાપડ બને (૩)
૬. પડખું, પાસુ (હિન્દીમાં) (૪)
૯. અમદાવાદનું પ્રખ્યાત સ્થળ (૫)
૧૦. મોકલવું તે, રવાના કરવું (૪)
૧૧. સડો, સડવું તે (૪)
૧૩. નદી (૩)
૧૫. મન વગર કરવું તે, ... કરવું (૩)
૧૭. ... અને નીલ રામાયણના બે પાત્રો સેતુબંધ માટે પ્રખ્યાત છે (૨)

**શબ્દાવલી ૪૭૮૮ના જવાબ**

**આડી ચાવી :-** (૧) સલામતી (૪) સનદ (૭) લાગ (૮) રમતવીર (૧૦) હવન (૧૨) જાત (૧૩) ગવાહ (૧૪) કુંજો (૧૬) પડતા (૧૮) ગવાહ (૨૦) વાકેફ (૨૨) તડીપાર (૨૪) લીસોટો (૨૬) પાતાળ (૨૭) ફળ

**ઊભી ચાવી :-** (૧) સલાહ (૨) લાગવગ (૩) તીર (૪) સતત (૫) નવી (૬) દરવાજો (૯) મજા (૧૧) નવાણ (૧૪) કુંતા (૧૫) નવતર (૧૬) પકે (૧૭) ડફલી (૧૯) ગડી (૨૦) વારતા (૨૧) વંટોળ (૨૩) પાપા (૨૫) સોફા